(ભરૂચ ન્યાયક્ષેત્રને આધિન)

॥ શ્રી કોટયર્ક પ્રભુ પ્રસન્નોસ્તુ ॥



# શ્રી સમસ્ત ખડાયતા સુરક્ષા ટ્રસ્ટ

**ખડાયતા પરિષદ પ્રેરીત** • (Estd. 17-12-2001 Bharuch)

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર : **A-1828** તા. ૧૭-૧-૨૦૦૧

સ્કીમ અરજી નંબર : ૬/૨૦૦૪ તા. ૨૨-૧૨-૨૦૦૪

## યોજના નં ૧ – યોજનાકિય પેટાનિયમો

૩૧-૧૨-૨૦૦૪

વહીવટી ઓફીસ : ડી-૨, રવિરાજ એપાર્ટમેન્ટ, વાલીયા ચોકડી પાસે, જી.આઈ.ડી.સી.,
અંક્લેશ્વર. ફોન : (૦૨૬૪૬) ૨૨૧૪૧૧, ૩૦૯૭૧૬
રજી. ઓફીસ : C/o. શ્રીજી હોસ્પિટલ, સ્ટેશન રોડ, અંકલેશ્વર-૩૯૩ ૦૦૧.
website : www.khadayatasurksha.org

## યોજના નં. ૧
## યોજનાકીય પેટા નિયમો

૧. **સભ્યપદની લાયકાત :**

(અ) અરજી કરતી વખતે ભારતમાં વસતા સમસ્ત ખડાયતા જ્ઞાતિની વ્યક્તિ.

(બ) તા. ૩૧-૩-૨૦૦૨ સુધી સભ્ય બનનાર સ્થાપક સભ્યો માટે ૨૧ થી ૭૫ વર્ષ સુધીના પુરૂષ, સભ્ય બની શકશે. આ ઉંમર મર્યાદામાં ટ્રસ્ટીમંડળ, સંસ્થાના અને સભ્યોના વિશાળ હિતમાં વખતો-વખત ફેરફાર કરી શકશે અને તેની જાણ જ્ઞાતિના સામાયિકો તથા વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવશે. (વર્ષ ૨૦૦૪-૦૫થી ઉંમરની મહત્તમ મર્યાદા ૫૫ વર્ષ સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.)

(ક) પરિણિત સ્ત્રી, તેના લગ્ન જીવનના ૫ વર્ષ બાદ જ સભ્ય તરીકેના હક્ક અને ફરજો માટે યોગ્ય અને જવાબદાર ગણાશે. સ્ત્રી સભ્યએ ટ્રસ્ટના નિયમ મુજબ સોગંદનામું ભરીને મોકલવાનું રહેશે.

(ડ) કોઈપણ વ્યક્તિનું સભ્યપદ સ્વીકારવાની સત્તા ટ્રસ્ટી મંડળની રહેશે.

(ઈ) ટ્રસ્ટનાં સભ્યનાં મૃત્યુથી વિધવા થનાર બહેન, ટ્રસ્ટના જે તે વખતનાં અન્ય નિયમોને આધિન અન્ય સભ્યોની જેમ સભ્ય પદ મેળવી શકે છે.

**(૨)** આ યોજના તા. ૧-૪-૨૦૦૨થી અમલમાં આવેલ છે.

**(3)** **નોમીની :**

(અ) દરેક સભ્યએ બે નામો નોમીની તરીકે આપવાના રહેશે. બીન ખડાયતા સાથે લગ્ન કરનાર દીકરી પણ નોમીની બની શકશે.

(બ) સભ્યના મૃત્યુ બાદ રકમ પ્રથમ નોમીનીને તેમના A/C Pay DD થી ચૂકવવામાં આવશે. પ્રથમ નોમીનીની ગેરહાજરીના કાનૂની પુરાવાઓની લેખીત જાણ અને ચકાસણી પછી જ ટ્રસ્ટીમંડળને સંતોષ થાય તો બીજા ક્રમાંકિત નોમીનીને રકમ ચૂકવવામાં આવશે.

(ક) જો સભ્ય ખડાયતા જ્ઞાતિ સંચાલીત ટ્રસ્ટ કે સંસ્થાને નોમીની તરીકે નીમે, તો તેમને તેમની DFCની રકમ જરૂરી સંલગ્ન પેપર્સ મેળવી તેની ચકાસણી કરી, જે તે ટ્રસ્ટ કે સંસ્થાના નામના A/C Pay ચેક અગર ડી.ડી.થી મોકલાશે.

(ડ) પ્રસ્થાપિત કાયદા દ્વારા લોહીનો સંબંધ હોય તેવી માત્ર ખડાયતા વ્યક્તિઓ ને જ નોમીની તરીકે નીમી શકાશે. એક જ ખડાયતા વ્યક્તિ વધુમાં વધુ ત્રણ જગ્યાએ જ પ્રથમ નોમીની તરીકે નિમણૂંક પામી શકશે.

(ઈ) વર્ષમાં એકવાર વહીવટી ખર્ચની રકમ લઈને નોમીની બદલવાની સગવડ કરી આપવામાં આવશે.

**(૪)** યોજનાના સભ્યપદ માટે દાખલ ફી નીચે પ્રમાણે છે. જેમાં ટ્રસ્ટીમંડળ યોજનાનાં હીતમાં વખતો વખત ફેરફાર કરી શકશે.

**દાખલ ફી**

| ઉંમર | ૨૦૦૧ દાખલ ફી (રૂા.) | ૨૦૦૨ દાખલ ફી (રૂા.) | ૨૦૦૩ દાખલ ફી (રૂા.) | ૨૦૦૪ દાખલ ફી (રૂા.) |
|---|---|---|---|---|
| ૨૧-૨૫ | ૧૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૬-૩૦ | ૧૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૩૧-૪૦ | ૨૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ૪૧-૫૦ | ૬૦૦ | ૪૦૦૦ | ૪૦૦૦ | ૬૦૦૦ |
| ૫૧-૫૫ | ૧૨૦૦ | ૮૦૦૦ | ૯૦૦૦ | ૧૨૦૦૦ |
| ૫૬-૬૦ | ૨૫૦૦ | ૧૨૦૦૦ | ૧૪૦૦૦ | -- |
| ૬૧-૬૫ | ૫૦૦૦ | ૧૫૦૦૦ | -- | -- |
| ૬૬-૭૫ | ૧૦૦૦૦ | -- | -- | -- |

(અ) સભ્યની ઉંમર જે તે વર્ષના તા. ૧લી એપ્રીલના રોજ પૂરા કરેલ વર્ષ મુજબ ગણવામાં આવશે. આ અંગે ટ્રસ્ટીમંડળ તરફથી જાહેર કરવામાં આવેલ તારીખ મર્યાદાઓ અંતિમ ગણવામાં આવશે.

(બ) પ્રવેશ ફી - કોર્પસ ફંડમાં જમા થશે. જે કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

(ક) દર વર્ષે તા. ૧-૧૦ થી તા. ૩૦-૧૧ સુધી સભ્યપદ માટે યોજના ખુલ્લી મુકવામાં આવશે.

આવા માન્ય રખાયેલ સભ્યોની ફરજ પછીના વર્ષની ૧ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે હક્ક (રીસ્ક કવર) ૧ જુનથી શરૂ થશે.

૫. **સભ્યનો ફાળો :**

(એ) દરેક સભ્યએ વહીવટી ખર્ચ પેટે હાલમાં રૂા. ૪૦/- વાર્ષિક આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

(બી) દરેક સભ્ય, મૃત્યુ દીઠ રૂા. ૨૫/- DFC આપશે. આ રકમમાં ફેરફાર ટ્રસ્ટી મંડળ સભ્યોના હીતમાં સભ્ય સંખ્યા વધતા કરી શકશે. (તા. ૩૦-૦૪-૦૨ સુધી આ રકમ રૂા. ૪૦ હતી.)

(સી) (૧) દાખલ ફી સાથે દરેક સભ્યએ ADFC આપવાની રહેશે. આ રકમમાંથી રૂા. ૨૫/- મૃત્યુ પામેલા સભ્યના યોગ્ય નોમીનીને ચૂકવવામાં આવશે. ADFCની રકમમાં ટ્રસ્ટી મંડળ વખતો વખત ફેરફાર કરી શકશે.

**ADFC**

| વિગત | ૨૦૦૧ ADFC | ૨૦૦૨ ADFC | ૨૦૦૩ ADFC | ૨૦૦૪ ADFC |
|---|---|---|---|---|
| દાખલ | ૩૦૦ | ૧૦૦૦ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| જુલાઈ-'૦૨ | ૭૦૦ | -- | -- | -- |
| જાન્યુ.-'૦૪ | ૨૫૦ | ૨૫૦ | -- | -- |
| **કુલ ADFC** | **૧૨૫૦** | **૧૨૫૦** | **૧૨૫૦** | **૧૨૫૦** |

(૨) ભવિષ્યમાં મૃત્યુ દર વધે તો ADFCની રકમ તથા સભ્યે મૃત્યુ દીઠ આપવાની રકમમાં ટ્રસ્ટીમંડળ યોગ્ય ફેરફાર કરી શકશે અને તે નિર્ણય સૌને બંધનકર્તા રહેશે.(ADFCની હાલની રકમ રૂા. ૧૨૫૦/- છે.)

(ડી) યોજના શરૂ થયાના ચાર વર્ષ બાદ ટ્રસ્ટીમંડળ નક્કી કરે તે મુજબ 'એડવાન્સ મેડીકલ કોન્ટ્રીબ્યુશન' આપવાનું રહેશે.

(ઈ) દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ DFCની નોટીસ આપવામાં આવશે. જેમાં અનુક્રમે તા. ૧ જુલાઈ થી તા. ૩૧ ડિસેમ્બર સુધીના તથા તા. ૧ જાન્યુઆરીથી તા. ૩૦ જુન સુધીના ટ્રસ્ટની ઓફીસ પર મળેલા ડેથ ક્લેમની DFCની રકમ તથા વહીવટી ખર્ચની રકમ મંગાવવામાં આવશે. વિલંબિત ચાર્જ સહિતની ચૂકવણી માટેની ટ્રસ્ટ દ્વારા જાહેર કરાયેલી અંતિમ સમય મર્યાદા પછી DFCની રકમ સ્વીકારવામાં આવશે નહીં અને સભ્યનું સભ્યપદ આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે. આવા સંજોગોમાં સભ્યની વણવપરાયેલી ADFC જો હશે તો પરત કરવામાં આવશે અથવા સભ્ય વતી ટ્રસ્ટે ચૂકવેલી DFCની રકમ ટ્રસ્ટને ચૂકવવાની સભ્યની જવાબદારી રહેશે. આ રીતે કમી થયેલ મેમ્બર ફરી એક જ વાર નવેસરથી પ્રવેશ ફી આપી જે તે સમયના ઉંમરના નિયમોને આધિન સભ્યપદ મેળવી શકશે.

(એફ) સભ્યએ દાખલ થતી વખતે ભરેલ ફોર્મની વિગતમાં કોઈપણ ફેરફાર થાય તો તેની લેખિત જાણ સંસ્થાના કાર્યાલય પર કરવાની રહેશે.

(જી) સંસ્થાના સભ્યપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા ઈચ્છનાર સભ્યને આવી અરજી મળ્યા સુધીના માસ સુધીના ડેથ ક્લેમની DFC ચૂકવ્યા પછી બાકી રહેતી વણવપરાયેલી ADFCની રકમ, પરત ચૂકવવામાં આવશે.

(એચ) એડવાન્સ DFC ડીપોઝીટ - સભ્ય રૂા. ૫૦૦૦/- કે તેના ગુણાંકમાં આવી રકમ તેમના એક્સેસ પેમેન્ટ તરીકે જમા કરાવી શકશે. આવી રકમ પર કોઈ પ્રકારનું વ્યાજ કે વળતર ચૂકવવામાં આવશે નહીં. આ રકમનો હિસાબ દરેક DFC નોટીસ સાથે સભ્યને મોકલવામાં આવશે.

(આઇ)સળંગ ૨૫ વર્ષ સુધી ટ્રસ્ટના સભ્ય રહેનાર સભ્યએ તેના સભ્યપદના ૨૬માં વર્ષથી ઊભી થતી DFCની રકમ ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે. આવા સભ્યએ ત્યાર પછી જે તે સમયની વાર્ષિક વહીવટી ફી જ ભરવાની રહેશે. આવા સભ્યની DFCની જવાબદારી ટ્રસ્ટ વતી, ટ્રસ્ટના ભંડોળમાંથી કરવામાં આવશે.

૬. **સભ્યનો હક્ક :**

**(અ) (૧) સભ્યના મૃત્યુના ૬૦ દિવસની અંદર Death Claim અંગેના તમામ દસ્તાવેજો મળી જાય, તે હિતાવહ છે.**

(૨) સભ્યના મૃત્યુની તારીખના માસનાં અગાઉના માસની અંતીમ તારીખે ટ્રસ્ટ પાસે નોંધાયેલા હયાત સક્રિયા સભ્યોની સભ્ય સંખ્યાના પ્રમાણમાં (સભ્ય સંખ્યા x ૨૫) રકમ ચુકવવામાં આવશે. આવા સભ્યનો ડેથ ક્લેઈમ જે માસમાં મળે, તે માસ સુધીની DFCની રકમ, તે સભ્યના ડેથ ક્લેઈમની રકમમાંથી કાપી લેવામાં આવશે.

(૩) કોર્પસ ફંડ કોન્ટ્રીબ્યુશન
DFCની રકમમાંથી ૧૦ ટકા પ્રમાણે મૃત્યુ પામનાર સભ્યનો કોર્પસ ફાળો જમા લેવામાં આવશે.

(૪) પ્રથમ અને દ્વિતીય નોમીનીની ગેરહાજરીમાં સભ્યના કાયદેસરના વારસને યોગ્ય પુરાવાઓ રજુ કર્યા બાદ અને કાનૂની ચકાસણી અને ખાતરી થયા પછી જ DFC ની રકમ ચૂકવવામાં આવશે.

(બ) આકસ્મિક મેડીકલ સહાય :

(૧) મેજર સર્જરી, ઓપન હાર્ટ સર્જરી, એન્જીયોપ્લાસ્ટી, બ્રેઈન સર્જરી, કીડની ટ્રાન્સપ્લાન્ટ, ટોટલ જોઈન્ટ, રીપલેસમેન્ટ સર્જરી, લકવો અને કેન્સર જેવા રોગોમાં ટ્રસ્ટ તરફથી મેડીકલ સહાય આપવામાં આવશે. રોગોની આ યાદીમાં ટ્રસ્ટીમંડળ વખતો-વખત સુધારા-વધારા કરી શકશે. અગર જે તે કેસમાં ગુણવત્તાને આધારે નિર્ણય લઈ શકશે.
આ સહાય માટે સભ્યએ સંસ્થાએ નિયત કરેલ ફોર્મમાં ઓપરેશન અથવા બીમારીની નિદાન અને સારવાર પછી ૯૦ દિવસની અંદર અરજી કરવાની રહેશે.

(૨) તા. ૩૦-૪-૨૦૦૨ સુધી બનેલ સ્થાપક સભ્યોને સભ્યપદના સળંગ ૪ વર્ષ પૂરા કર્યા બાદ આ લાભ આપવામાં આવશે. જ્યારે અન્ય સભ્યોને આ લાભ સળંગ ૫ વર્ષના સભ્યપદ પછી મળી શકશે.

(૩) આ સહાય માટે અરજી મળ્યાના અગાઉના નાણાકિય વર્ષની અંતિમ તારીખે ટ્રસ્ટમાં નોંધાયેલા યોગ્ય હયાત સભ્યો દીઠ પ્રવર્તમાન DFCની ૨૫% રકમ પ્રમાણે મેડીકલ સહાય સભ્યો પાસેથી મેળવેલ એડવાન્સ હેલ્થ કોન્ટ્રીબ્યુશનમાંથી આપવામાં આવશે. આ રીતનો લાભ યોજના દરમ્યાન માત્ર એક જ વાર મેળવી શકાશે.
આ સહાયનો લાભ મેળવનાર સભ્યોએ તેમને મળનાર મેડીકલ સહાયમાંથી ૧૦ ટકા રકમ કોર્પસ ખાતે જમા લેવામાં આવશે અને ૧૦ ટકા રકમ એડવાન્સ DFC ડીપોઝીટ તરીકે લેવામાં આવશે. બાકી પડતી ૮૦ ટકા રકમ ચુકવવામાં આવશે.

(૪) આ લાભ મેળવનાર સભ્યના મૃત્યુ બાદ તેમના નોમીનીને રૂા. ૨૫/-ને બદલે રૂા. ૧૮.૭૫/- (DFCની ૭૫% રકમ) પ્રમાણે (કોર્પસ ફંડ કોન્ટ્રીબ્યુશનની કપાતને આધિન) ચૂકવવામાં આવશે.

(૫) આ લાભ લેનાર સભ્યનું મૃત્યુ તેમણી એડવાન્સ DFC ડીપોઝીટની રકમ વપરાઈ જાય તે પહેલા થાય તો આવી વણવપરાયેલી એડવાન્સ DFC ની રકમ પાછી આપવામાં આવશે.

(ક) વિધવાને સહાય :

(૧) સળંગ બે વર્ષ પતિ-પત્ની બંનેએ સભ્યપદ જાળવી રાખ્યું હોય તથા એવા સંજોગોમાં પુરૂષ સભ્યના મૃત્યુ બાદ તેમને મળવાપાત્ર સહાયમાંથી રૂા. ૧૫,૦૦૦/- યોજનાના કોર્પસ ફંડમાં જમા કરાવે તો વિધવા પત્નીની બાકીની જીંદગી દરમ્યાન યોજનામાં બીજા કોઈપણ પૈસા ભરવાની જવાબદારી (વહીવટી ખર્ચ સિવાય) કોર્પસ ફંડમાંથી કરાશે.

(૨) પુરૂષ સભ્યના મૃત્યુ બાદ જો પત્ની આ યોજનાના સભ્ય ના હોય તો તેમને મળવાપાત્ર સહાયમાંથી રૂા. ૪૦,૦૦૦/- (તા. ૩૦-૪-૨૦૦૨ સુધી ૨૦,૦૦૦/-) યોજનાના કોર્પસ ફંડમાં જમા કરાવે તો વિધવા પત્નીને યોજનાનું સભ્યપદ (તે વખતના

પ્રવેશના નિયમોને આધીન) આપી બાકીની જીંદગી દરમ્યાન યોજનામાં બીજા કોઈપણ પૈસા ભરવાની જવાબદારી (વહીવટ ખર્ચ સિવાય) કોર્પસ ફંડમાંથી કરાશે.

(૩) વિધવાનું મૃત્યુ પ્રથમ સાત વર્ષમાં થાયતો તેને મળવા પાત્ર DFC ઉપરાંત તેના મૃત્યુના અગાઉ તેને આપવી પડતી DFC ની રકમ રૂા. ૧૫,૦૦૦/- અથવા ૨૦,૦૦૦/- માંથી બાદ કરીને બાકીની રકમ પ્રથમ નોમીનીને આપવામાં આવશે.

(ડ) ઉપરોક્ત પેટા નિયમો ૬ (ક) ૧,૨,૩ તા. ૩૦-૧૧-૦૨ સુધી જ અમલમાં હતા. આ અગાઉ જે તે સમયના નિયમો અનુસાર રૂા. ૨૦૦૦૦/- કે રૂા. ૪૦૦૦૦/- જમા કરાવી સભ્ય બનેલ વિધવા બહેને આજીવન DFC ની રકમ ભરવાની રહેશે નહીં. તેઓએ માત્ર વહીવટી વાર્ષિક ખર્ચની રકમ જ ભરવાની રહેશે.

૭. **સભ્યપદ રદ થવા અંગે :**

(૧) સભ્યનું મૃત્યુ થતાં તેનું સભ્ય પદ આપોઆપ રદ થશે.

(૨) કોઈપણ મહિલા સભ્યનું બિન ખડાયતા જ્ઞાતિના યુવક સાથે ફેરલગ્ન થયેથી તેનું સભ્યપદ આપોઆપ રદ ગણાશે.

(૩) બંધારણની કલમ ૧૨ હેઠળ ગેરલાયક ઠરતા સભ્યનું સભ્યપદ રદ કરવામાં આવશે.

(૪) લેઈટ ફી સાથે DFC ભરવાની સમય મર્યાદા પૂરી થયા બાદ DFCની રકમ નહી ભરાયાની રજી. એડી. પત્ર દ્વારા જાણ કરવામાં આવશે. તેમાં દર્શાવેલ DFCની રકમ નિર્ધારીત સમય-મર્યાદામાં ન ભરનાર સભ્યનું સભ્યપદ આપોઆપ રદ થશે.

૮. સભ્યો માટેની કોઈપણ ઈન્શોયરન્સ પોલીસી અમલમાં હશે તો તે સભ્યને ઈન્શોયરન્સ ક્લેમ મળેથી મળેલી રકમના ૨૦ ટકા રકમ, નિયત DFC ઉપરાંત ચૂકવવામાં આવશે અને બાકીની રકમ કોર્પસ ફંડમાં જમા લેવામાં આવશે.

૯. ટ્રસ્ટના યોજનાકીય વહીવટમાં સભ્યને અસંતોષ લાગે તો તેઓ ટ્રસ્ટીમંડળને લેખિતમાં રજૂઆત કરી શકે છે. આવી રજૂઆત પર ચર્ચા વિચારણાને અંતે ટ્રસ્ટીમંડળ યોગ્ય નિર્ણય લેશે અને તે આખરી અને સૌને બંધનકર્તા રહેશે.

ટ્રસ્ટીમંડળને યોગ્ય લાગે તો બેઉ પક્ષને માન્ય હોય તેવા લવાદની નિમણૂંક કરી અસંતોષનો નિવેડો લાવવામાં આવશે. પણ આ અંગે કોર્ટમાં જઈ શકાશે નહીં. લવાદનો નિર્ણય અંતિમ અને સૌને બંધનકર્તા રહેશે.

૧૦. સભ્યના મૃત્યુ અંગેના ડેથ ક્લેમ તેની જરૂરી તમામ વિગતો સાથે ટ્રસ્ટને મળે તે ક્રમમાં અને જે તે માસની DFCની જવાબદારી પૂર્ણ કર્યા બાદ ચૂકવવામાં આવશે. નાણાકીય અને વહીવટી અનુકૂળતાઓ માટે આવી ચૂકવણી બે કે તેથી વધુ હપ્તાઓમાં પણ કરી શકાશે.

૧૧. ઉપરોક્ત યોજનાકીય પેટાનિયમોમાં જરૂરી સુધારા-વધારા ટ્રસ્ટ અને ટ્રસ્ટના સભ્યોના હિતમાં વખતો-વખત પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને ટ્રસ્ટીમંડળ કરી શકશે આવા ફેરફાર અને સુધારાઓ તેમના અંગેનો નિર્ણય લેવાયા પછી મળનારી સૌ પ્રથમ કારોબારી અને સૌ પ્રથમ વાર્ષિક સામાન્ય સભામાં જણાવવાના રહેશે. આવા ફેરફાર અને સુધારાઓ સૌ સભ્યોને કબૂલ મંજૂર રહેશે અને બંધનકર્તા ગણાશે.

૧૨. પોસ્ટેજ ખર્ચને મર્યાદિત કરવા માટે દ્વિતિય AGMમાં ટ્રસ્ટની વાર્ષિક સભાની નોટીસ અને સંપૂર્ણ અહેવાલ જ્ઞાતિના અગ્રગણ્ય સામાયિકોમાં આપવાનું ઠરાવવામાં આવેલ છે. તૃતિય AGMમાં, પત્રવ્યવહારનું એક જ સરનામું ધરાવનાર સભ્યોને DFC નોટીસ એક જ કવરમાં મોકલવાનું ઠરાવવામાં આવેલ છે.